# પ્રાંતિજમાં બંધ રહેતા ટેલીફોનના ગ્રાહકોને બીલ તો ભરવું પડશે

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાંય દિવસોથી એપ્રોચરોડ ,રેલ્વે સ્ટેશન સહિત ના વિસ્તારોમાં વિકાસ ના કામોને લઈને ટેલીફોન સેવા બંધ રહી હતી અને છેલ્લાં કેટલાય સમયથી ટેલીફોન ચાલુ ના હોવા છતાં તથા ચાલુ બધ થતાં હતાં ત્યારે બીલ આવતા ગ્રાહકો લાલ ગુમ તથા ચોકી ઉઠયા હતાં અને બીલ ને લઈને નહી ભરવા કે ગ્રાહક સુરક્ષા સુધીની દોટ લગાવાની તૈયારીઓમાં હતાં ત્યારે તંત્ર દ્વારા ટેલીફોન બીલ ભરતી વેળાએ સાથે રીબેટ અરજી કરવાનું કહેવામાં આવતાં ટેલીફોન ગ્રાહકો માં ખુશી જોવાં મળી છે .

## બીલની સાથે રીબેટ અરજી કરવાની રહેશે : વપરાશ પ્રમાણે બિલ કપાઈ ખાતામાં પરત મળશે

મળતી માહિતી મુજબ પ્રાંતિજમાં છેલ્લાં ત્રણ- એક મહિનાથી એપ્રોચરોડ સહિત રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વિકાસના કામો ને લઈને બની રહેલ નવો રોડ ના ખોદકામ દરમાન્ય ખોદકામ વખતે અવર નવર વાયરો કંપાઈ જતાં ટેલીફોન સેવા ઈન્ટરનેટ સેવા ખોરવાઈ જતી હતી અને કેટલાક ટેલીફોન હજુ સુધી ચાલુ ના થયા છતાં ટેલીફોન ગ્રાહકોને બીલ મળતાં લાલ ગુમ થઈ ગયાં હતાં અને કેટલાક ગ્રાહકો ગ્રાહક સુરક્ષાના દરવાજા ખવડાવવા સહિતની કે બીલ નહી ભરવાનો નિર્ણય લીધો હતો તો કેટલાક લોકો કનેકશન બંધ કરાવવા તૈયાર થયાં હતાં પણ પ્રાંતિજ તંત્રના અધિકારી સુથાર દ્વારા જણાવ્યુ હતું કે ટેલીફોન સેવા વિકાસના કામોને લઈને કેટલીય જગ્યાએ બંધ પડી છે અને તાત્કાલિક ધોરણે કામ ચાલુ છે પણ વાયરો બધી જગ્યાએ કપાઈ જતાં અમે તાત્કાલિક બધી જગ્યાએ રીપેરીગ કરી શક્યાં નથી અને કેટલીય જગ્યાએ ટેલીફોન સેવા ચાલુ થઈ ગઈ છે અને કોને કેટલી સેવાનો ઉપયોગ કર્યો એતો બીલ વિભાગમાં કોમ્પ્યુટર ઉપર ખબર પડશે જેથી હાલતો જે તે બીલ આવ્યું હોય તે ટેલીફોન ગ્રાહકોએ નિયમિત રીતે ભરી દેવું અને તેની જોડે રીબેટ મેળવવાં બીલની સાથે અરજી દાખલ કરવી અને કેટલાં સમયથી બંધ છે કેટલો ટાઈમ બંધ હતો તે તો બિલીંગ વિભાગમાં કોમ્પ્યુટર ઉપરથી ચેક થશે અને ગ્રાહકો પછી તેમણા બીલમાં રીબેટ મળી જશે જેથી ગ્રાહક સુરક્ષા કે બીલ નહીં ભરવાનો પ્રશ્ન ઉભો થતો નથી અને આગ્રામી દિવસોમાં સંપુર્ણપણે ટેલીફોન સેવા ચાલુ થઈ જશે અને ગ્રાહકો એ ભરેલ રકમ પણ તેમણાં ખાતાં માં રીબેટ મળશે.



## બનાસકાંઠા જીલ્લા યુવા ભાજપની બાઈક રેલી

૧૧ દિવસથી આદિવાસી વિસ્તારમાં પરિભ્રમણ કરી અંબાજી મુકામે આજરોજ વિકાસ ગૌરવ યાત્રા ના સમાપન પ્રસંગે બનાસકાંઠા જીલ્લા યુવા ભાજપ દ્વારા ખાસ આદિવાસી યુવાનોની હડાદ થી અંબાજી સુધીની ૧૮ કિમી ની બાઈક રેલી યોજવામાં આવી હતી.આ યુવાનોની રેલીના કારણે હડાદ થી અંબાજી સુધીના માર્ગ પર જાણે ભાદરવી પુનમના મેળાનો માહોલ હોય એવી પરિસ્થિતિ જોવા મળી હતી.આ રેલીમાં દાંતા,હડાદ અંબાજી ના યુવા-મોરચાના આદિવાસી કાર્યકર્તાઓ ૨૫૦૦(બે હજાર પાંચસો) ની સંખ્યા માં બાઈક સાથે જોડાયા હતા.જીલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશ ચૌધરી મહામંત્રી રામસિંગ રાજપૂત અને મહામંત્રી પ્રકાશ ઠાકોર તથા યુવા મોરચાની ટીમે સમગ્ર બાઈક રેલીના આયોજન ને સફળ બનાવ્યું હતું.



## ડીસા પાલિકાના બે મહિલા અપક્ષ કોર્પોરેટર ભાજપમાં જોડાયા

અંબાજી ખાતે આદિવાસી ગૌરવ યાત્રા સમાપન સમારોહ પ્રસંગે ડીસા નગર પાલિકા બે અપક્ષ મહિલા કોર્પોરેટર ભાજપમાં જોડાતા અગ્રણીઓ દ્વારા તેમને આવકાર અપાયો હતો. અંબાજી ખાતે આદિવાસી ગૌરવ યાત્રાના સમાપન સમારોહમાં ડીસા નગરપાલિકાના વોર્ડ ૮ માંથી અપક્ષ તરીકે ચૂંટાયેલા ઉષાબેન નિલેષભાઈ પરમાર (ઠાકોર) અને વોર્ડ ૧૦ માંથી ચૂંટાયેલા હંસાબેન બાલસિંહ ઠાકોર ભાજપમાં જોડાતા આ બંને મહિલા કોર્પોરેટરોનું કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી દ્વારા સ્વાગત કરાયું હતું.

# શ્રી અડાઆઠમ મેવાડા સુથાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

મોડાસા, તા. ૧૯

સમગ્ર ગુજરાતમાં વસતા શ્રી અડાઆઠમ મેવાડા સુથાર સમાજનો ૨૦મો સમુહ લગ્નોત્સવ મોડાસા નજીક રાજેન્દ્રનગરમાં યોજાઈ ગયો. જેમાં ૧૦ જેટલા નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા, જ્યારે ૩ જેટલી યજ્ઞોપવિત પણ દેવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના દાનવીરો સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા.

ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ સહિત વિવિધ જિલ્લામાં શ્રી અડાઆઠમ મેવાડા સુથાર સમાજના જ્ઞાતિજનો વસવાટ કરે છે. અડાઆઠમ મેવાડા સુથાર સમાજના ઘેર થતા લગ્નોના ખર્ચા અટકે અને એક જ છત્રછાયા હેઠળ ઓછા ખર્ચામાં લગ્નોનું આયોજન થાય તે આશય સાથે સમાજ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૦મો સમુહલગ્નોત્સવ મોડાસાના રાજેન્દ્રનગર નજીક સમાજની લીધેલી ભૂમિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી અડાઆઠમ મેવાડા સુથાર સમુહલગ્ન-યજ્ઞોપવિત સમિતિના પ્રમુખ જશુભાઈ સુથાર (સિનીયર મેનેજર) તથા મંત્રી કનુભાઈ સુથારના સાનિધ્યમાં સમુહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૦ જેટલા નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડ્યા જ્યારે ૩ જેટલી યજ્ઞોપવિત આપવામાં આવી હતી. ચાલુ વર્ષ સમિતિના પ્રમુખ જશુભાઈ સુથાર દ્વારા સ્ટેજ, રસોઈ, ખુરશી, બેઠક વ્યવસ્થામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યાહતા. જેના લીધે જ્ઞાતિજનોએ સમુહ લગ્નોત્સવ ખુબજ શાંતિપૂર્ણ તથા ભારે હર્ષોલ્લાસ સાથે મનાવ્યો હતો. આ પ્રસંગે બોલતા પ્રમુખ જશુભાઈ સુથારે જણાવ્યુ હતુ કે આપણા સમાજના ભાઈઓ ઘેર લગ્ન ઓછા લઈ એક છત્રછાયામાં સમુહ લગ્નમાં જોડાય તો સમાજનો ઉત્તરોત્તર વિકાસ થશે. તેઓએ સમાજના તેજસ્વી તારલાઓની સિદ્ધિઓને પણ બિરદાવી હતી. આગામી વર્ષ પણ આજ જગ્યા પર ૨૧મો સમુહ લગ્નોત્સવ યોજવા માટે દાનની સરવાણી વહી હતી. આ પ્રસંગે સમગ્ર રાજ્યમાંથી જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા.



## ધાનેરા વાલ્મિકી વાસ પાસે આવેલ બોરની ટાંકી જર્જરીત હાલતમાં

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં વાલ્મિકી વાસમાં આવેલ પાટીની ટાંકી વર્ષો પહેલા બનેલ છે અને ખુબ જ ખરાબ રીતે જર્જરીત હાલ થઈ ગઈ છે. આ બારની સીડીઓ પણ તુટી ગઈ છ કે જે ઉપર જઈ શકાય તેવી હાલત નથી. આ બોરની ટાંકી તેમજ સીડીમાં લોખંડની ખીલાસરીઓમાં મોડો સડો થઈ ગયેલો હોવાથી ટાંકી ઉપરના સિમેન્ટના પોપડાઓ ઉખડેલ છે. તેથી આ ટાંકી ગમે ત્યારે ભોય પડે તવી સંભાવના છે. તો શું નગરપાલિકા પ્રમુખ કોઈ જાનહાનિ થાય તેની રાહ જોઈને બેઠા છે ? કે પછી નગરપાલિકા પ્રમુક તાકીદે આ બોરની ટાંકીને પાડીને નવેસરથી જોઈવાઈ કરે જો આ ટાંકીને તાકીદે ધ્યાનમાં લેવામાં નહીં આવે તો મોટું નુકશાન થાય તેમજ આજુબાજુના ગરીબોને અકસ્માતનો ભોગ બનવું ન પડે માટે નગરપાલિકા તાત્કાલિકે ધોરણે નવેસરથી ટાંકી બનાવવાની જોગવાઈ કરશે. તેઓ આ વિસ્તારના લોકોની માંગ ઉઠવા પામી છે.

## થરાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં લેવાયેલ જિલ્લા હેલ્થવર્કર અને જુનિયર ક્લાર્કની પરીક્ષામાં કોપી કેસ

કાંકરેજ, તા. ૧૯

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તા. ૧૯-૨-૨૦૧૭ના રોજ સવારે જિલ્લા હેલ્થ વર્કર તથા જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૪૫૦ વિદ્યાર્થીઓની યોજાયેલ હતી. તેમાં ૧૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં પરીક્ષા આપવા આવ્યા હતા જ્યારે ૨૬૧ વિદ્યાર્થીઓ ગેર હાજર રહ્યા હતા. પરીક્ષા ખંડમાં સઘન ચેકિંગ અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે યોજાયેલ પરીક્ષામાં એક વિદ્યાર્થી પોતાના મોબાઈલ ફોનથી ચોરી કરવાનો મામલો સામે આવતા હડકંપ મચી જવા પામ્યો હતો. જોકે વિદ્યાર્થી થરાનો ચૌધરી હાર્દિકકુમાર ઉમેદભાઈ મોબાઈલ ફોન સાથે ઝડપાયો હતો અને સમગ્ર પરીક્ષાર્થીઓમાં હલચલ મચી જવા પામી હતી. જો કે આ ઘટના બનતાં જ શાળાના પ્રિન્સિપાલ સુરેશ ઠક્કર, પીએસઆઈ થરા મામલતદાર કાંકેરજ તથા નાયબ કલેક્ટર દિંગત બ્રહ્મભટ્ટ થરાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દોડી આવ્યા હતા અને ઝડપાયેલ વિદ્યાર્થી પાસેથી મોબાઈલ ફોન કબજે કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. અને આ સમગ્ર મામલો સ્કૂલના સ્ટાફના માણસોની બાજ નજરથી બહાર આવ્યો હતો.

થરા કેન્દ્રમાં એકવાર તલાટીઓની પરીક્ષા યોજાયા બાદ પુન: જિલ્લા હેલ્થ વર્કર, જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજાતા હાર્દીક ચૌધરી નામનો વિદ્યાર્થી ચોરી કરતા ઝડપાતા કાંકરેજમાં હડકંપ મચી જવા પામ્યો હતો. જો કે વિદ્યાર્થીનો ધરોબો થરામાં એક ખાનગી હોસ્ટેલ ચલાવનાર સાથે હોવાનું પણ ચર્ચાસ્પદ બનવા પામ્યું છે. આમ કોપી કેસની કામગીરી ડિસા નાયબ કલેક્ટર, મામલતદાર કાંકરેજ સાથે રહીને કરી હતી. જ્યારે શાળાના પ્રિન્સિપાલ સુરેશ ઠક્કર અને થરા પીએસઆઈ અમરસિંહ પરમાર સમગ્ર ઘટના દરમ્યાન હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીને ઝડપીને કાયદેસરની કાર્યવાહિ કરાતા હડકંપ મચી જવા પામ્યો છે. આમ થરા કેન્દ્રમાં પરીક્ષા દરમ્યાન ચોરી કરતો વિદ્યાર્થી કોની મહેરબાની વચ્ચે ચોરી કરતો હશે તે વિશે તર્ક-વિતર્ક જેવા સવાલો લોકમુખે ચર્ચાનો વિષય બનવા પામ્યા હતા.

# બાયડ શહેરમાં ભારત દેશનો પ્રથમ કેશલેસ સમૂહ લગ્ન યોજાયો

### અરવલ્લીના બાયડમાં દેશનો પ્રથમ કેશલેસ સમૂહ લગ્ન યોજાયો : ૯ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા : તમામ વ્યવહારો કેશલેસ કરવામાં આવ્યા : યુનિયનબેંકે સહયોગ આપી હંગામી સ્ટોલ શરુ કર્યો

બાયડ, તા.૧૯

દેશમાં અચાનક ચલણી નાણાની નોટબંધી થતાંની સાથે જ





દેશભરમાં લોકો બેંકો અને ATMની લાઈનોમાં આવી ગયા હતા અને તેના કારણે લોકોની તકલીફો અને ફરિયાદો વધી ગઈ હતી. આ સ્થિતિને પહોંચી વળવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કેશલેસ વ્યવહારની જનતાને અપીલ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી દ્વારા કેશલેસની અપીલના પગલે ગુજરાતના અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વણકર સમાજ દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે, આ સમાજ દ્વારા આયોજિત કરવામાં આવેલ સમૂહ લગ્નને કેશલેસ બનાવવામાં આવ્યો હતો જેથી લોકોને કેશની તકલીફ ના પડે અને લોકોમાં કેશલેસ થવાની જાગૃતિમાં વધારો થાય અને રોકડની અછત નિવારી શકાય.

એ માટે કેશલેસ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું બાયડ તાલુકાના વીરમાયા વણકર સમાજ સુધારક સમિતિ - ૪૭ ગામ સ્વયંસાથી દ્વારા દ્વિતિય સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેણે આયોજકોએ અને સમાજના લોકોની સહમતીથી કેશલેસ બનાવવામાં આવ્યો હતો. આ સમૂહ લગ્નમાં દાન - ભેટ સ્વીકારવાની પ્રવૃત્તિ, સર્વ ખર્ચાઓ, સામાજીક વ્યવહારો ચેકથી અથવા કાર્ડથી કરવામાં આવી હતી. આ સમુહ લગ્નોત્સ્વ 'સમાજ વ્યસનમુક્ત' બને તેવા ઉદેશ અને પ્રચાર સાથે યોજવામાં આવ્યો હતો. બાયડ તાલુકા વિસ્તારના અલગ-અલગ પાંચ જેટલા વણકરસમાજના પરગણાઓ દ્વારા આ સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જ્યારે દેશના પ્રથમ સમૂહ લગ્નમાં પ્રભુતામાં



પગલા પાડવા જઈ રહેલી કન્યાઓ ખુબજ ગૌરવ અનુભવી રહી હતી.અને પોતાને ખુશનસીબ માની રહી હતી.અને આ કેશલેસ સમૂહ લગ્ન થી લોકોમાં જાગૃતિ આવશે સમાજના કુરિવાજો અટકશે તેવું જણાવ્યું હતું.આ સમારોહમાં એક પણ વ્યવહાર કેશમાં કરવામાંઆવ્યા ન હતા. સમૂહ લગ્નના આયોજન માટે જે કોઈ નાણાંકીય વ્યવસ્થા કરવામાં આવી હતી એ ચેકથી કરવામાં આવી હતી, જે લેવડ-દેવડ કરવામાં આવી હતી એ પણ કેશલેસ હતી. આ ઉપરાંત મહેમાનો દ્વારા કપલોને જે સઘુન આપવામાં આવું હતું એ પણ કેશલેશ ફોર્મમાં જ હતું. આ સમુહ લગ્નમાં એક પણ વ્યવહાર કે લેવડ-દેવડ કેશથી કરવામાં આવી નહી. ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્રમોદી દેશને કેશલેસ ભારત બનાવવાનું સ્વપ્ર સેવી રહ્યા છે.

આ સપનાને સાકાર કરતી પહેલ બાયડમાં વીરમાયા વણકર સમાજના આગેવાનો ધ્વારા કેશલેસ સમૂહ લગ્ન યોજી સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.અને અન્ય સમાજના લોકો પણ આવા કેશલેસ સમૂહ લગ્નો યોજે અને પોતાના રોજીંદા જીવનમાં પણ કેશલેસ વ્યવહાર અપનાવે તેવી આશા વ્યક્ત કરી હતી.

## ચાડા પાસે ટેન્કર-બાઈક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામ પાસે દૂધના ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં બાઈક પર સવાર મહિલાનું મોત નિપજ્યું છે. અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. અને નાગરીકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી ફરાર ટેન્કર ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકાના ઈટાવા ગામના દેવાભાઈ કેસરાભાઈ પરમાર બાઈક નં. જીજે.૯.સીજે.૯૬૭૪ લઈ પોતાની પત્નિ પ્રેમીલાબેન સાથે સાસરી દામાવાસ જતા હતા. ત્યારે ખેડબ્રહ્મા તરફથી આવતુ દૂધનું ટેન્કર નં. જીજે.૯.એયુ.૦૬૭૪ના ચાલકે ટેન્કર બેદરકારીથી હંકારી ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલા પ્રેમીલાબેન દેવાભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મૃત્યુ પહોંચાડી તથા બાઈક ચાલકને દેવાભાઈ શરીરે ઈજાઓ પહોંચાડી ટેન્કર મુકી ભાગી ગયેલ જે અંગે દેવાભાઈના ભાઈ કાન્તીભાઈ કેસરાભાઈ પરમારે ટેન્કરચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## મોડાસાનું ગૌરવ

ગુજરાત અને રાજસ્થાન એમ બે રાજયોનાં યુવા ગાયકો માટેની 'ધી વાઉ ફેક્ટર સિંગીંગ કોમ્પિટીશનનું ફાઈનલ' ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ રાજપથ કલબ અમદાવાદ ખાતે યોજાઈ ગયું. આશરે ૫૦૦૦ કલાકારોમાંથી નવ ફાઈનાલિસ્ટ પસંદ કરવામાં આવ્યા હતા. એમાં મોડાસાનો યુવા ગાયક મહંમદ વાસીમ શેખ આ ફાઈનલમાં સેકન્ડ રનર્સ અપ સ્થાને રહીને મોડાસા અને ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધાના જજ રોકસ્ટાર દર્શન રાવલ, શૉ ઓર્ગેનાઈઝર હરિકાન્ત જી, સાયન્સ કૉલેજ મોડાસાના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રો, મખદૂમ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રો તથા શબ્દશેતુ પરિવારે મહંમદ વસીને અભિનંદન પાઠવ્યા હતા.

## મોહનપુર પંચ જાગાસ્વામી સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર ખાતે રવિવારે મોહનપુર પંચ જાગાસ્વામી સમાજનો ૧૦ મો સમૂહલગ્નોત્સવ યોજાયો સમાજવાડી ખાતે યોજાયો હતો જેમાં ૧૫ નવ યુગલો સ્વચ્છતા અને બેટી બચાવોના શપથ સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ અંગે સમૂહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ વસંતભાઈ ચૌહાણ અને મંત્રી પિયુષભાઈ રોયે જણાવેલ કે આ સમૂહલગ્નોત્સવ માટે સમાજ ધારા માતબર ૧૧ લાખનું દાન આવ્યું હતું.સમાજ તરફથી યોજાયેલ ૧૦માં સમૂહલગ્નોત્સવમાં ડીજે સાથે વરરાજાનો વરઘોડો મંડપમાં લાવ્યા હતા.ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નની વિધિ સાથે હસ્ત મેળાપ અને મંગલ ફેરા ફરી લગ્નગ્રંથીથી ૧૫ નવયુગલો પ્રભુતામાં પગલા પાડ્યા હતા.આ લગ્નોત્સવમાં ૫ હજાર થી ૭૧ હજાર દાન આપનાર ૮૫ દાતાઓનું સન્માન સમાજના હોદેદારો ધ્વારા કરવામાં આવ્યું હતું.

